# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-10-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. નાગરિકોને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશી વસ્તુઓ અપનાવવા અપીલ કરી.
2. પ્રકાશના પર્વ દિવાળીની રાજ્યભરમાં ઉજવણી – પ્રસિદ્ધ મંદિરોમાં રોશનીનો વિશેષ શણગાર કરાયો
3. ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં ભારે વરસાદથી નુકસાનગ્રસ્ત ખેડૂતોને રાજ્ય સરકાર સહાય ચૂકવશે
4. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્થાનિક સ્તરે માદક પદાર્થની હેરાફેરી કરતા લોકોને પકડવા રાજ્ય પોલીસને અનુરોધ કર્યો
5. રાજ્ય પોલીસે કેફી પદાર્થ અને મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા મૅન્ટર પ્રૉજેક્ટ શરૂ કર્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM ON DIWALI NEW YEAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકો અને વિશ્વભરમાં રહેતા ગુજરાતી પરિવારોને દિવાળી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે વિક્રમ સંવતના આ નવા વર્ષે સૌને નવા ઉત્સાહ, આનંદ અને સમૃદ્ધિના માર્ગે આગળ વધવાની પણ શુભેચ્છાઓ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું, દિવાળીની દિપમાળા, અંધકારમાંથી ઉજાસ તરફ જવાની પ્રેરણા આપે છે. તેની સાથે ગુજરાત સૌના સાથ, સૌના વિકાસના દ્રષ્ટિકોણથી વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.

શ્રી પટેલે હરઘર સ્વદેશી, ઘરઘર સ્વદેશી અને વૉકલ ફૉર લૉકલના મંત્રથી આત્મનિર્ભર ભારતનો સંદેશ ઘરે—ઘરે પહોંચાડવા પણ લોકોને અપીલ કરી. આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST ફેરફાર દ્વારા પ્રધાનમંત્રીએ દેશવાસીઓને બમણો આનંદ આપ્યો હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું હતું.

-------------

# DIWALI CELEBRATIONS TODAY

સમગ્ર દેશમાં આજે પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી કરવામાં આવી રહી છે. મંદિરો, ઘરો અને અન્ય જાહેર સ્થળો પર રોશનીનો વિશેષ શણગાર કરાયો છે. આ દિવસે લોકો ધનનાં દેવી લક્ષ્મીજીની પૂજા-અર્ચના કરે છે.

રાજ્યમાં દિવાળીની ઉજવણી નિમિત્તે શક્તિપીઠ અંબાજી, યાત્રાધામ પાવાગઢથી લઈ દ્વારકાના સુપ્રસિદ્ધ જગત મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. શક્તિપીઠ અંબાજીમાં રોશનીનો વિશેષ શણગાર ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**(VOICE CAST – SAVAJI CHAUDHARI)**

તો દ્વારકાના સુપ્રસિદ્ધ જગત મંદિરમાં પણ દિવાળી અને નૂતન વર્ષને લઈ મોટી સંખ્યામાં ભક્તો ભગવાનના આશીર્વાદ લેવા પહોંચ્યા છે. અમારા પ્રતિનિધિ કરણ જોશીનો અહેવાલ....

**(VOICE CAST – KARAN JOSHI)**

રાજ્ય સરકારની વિવિધ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં આરોગ્યકર્મીઓ દ્વારા દિવાળીની ઉજવણી કરવામાં આવી.

તો મોરબીમાં ટંકારા પોલીસે નિરાધાર બાળકો સાથે દિવાળી ઉજવી હતી.

-------------

# KRUSHI SAHAY

રાજ્યમાં ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ભારે વરસાદને કારણે નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય અપાશે. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકારને જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જિલ્લામાં પાક નુકસાનના અહેવાલ મળ્યા હતા.

આ પાંચેય જિલ્લાના 18 તાલુકાના 800 ગામમાં દિવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને કઠોળ પાકમાં તેમજ બહુવર્ષાયુ

દાડમ જેવા બાગાયતી પાકને નુકસાન થયાનું જણાયું હતું. સરકારે આ પાંચેય જિલ્લા માટે કુલ 947 કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

-------------

# DEPUTY CM SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના યુવાધનને નુકસાન પહોંચાડતા અને સ્થાનિક સ્તરે માદક પદાર્થની હેરાફેરી કરનારા લોકોને પકડવાની શરૂઆત કરવા રાજ્ય પોલીસને અનુરોધ કર્યો. સુરતમાં દિવાળી સ્નેહમિલન અને તેમના માટે યોજાયેલા અભિવાદન સમારોહને સંબોધતાં શ્રી સંઘવીએ આ વાત કહી.

(BYTE: HARSH SANGHAVI, DyCM) – DRUGS BYTE

રાજ્ય પોલીસની કામગીરી બિરદાવતા તેમણે કહ્યું, ‘તેરા તુજ કો અર્પણ’ કાર્યક્રમ થકી રાજ્ય પોલીસે લોકોને પોતાની વસ્તુઓ પરત આપી તે વાત સમગ્ર દેશમાં આદર્શ સાબિત થઈ છે.

(BYTE: HARSH SANGHAVI, DyCM) – TERA TUJHKO ARPAN

સુરત પોલીસ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTC અને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી – RTOના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત શહેરીજનો સાથે સરસાણા સભાખંડ ખાતે દિવાળી સ્નેહમિલન તથા અભિવાદન સમારોહ યોજાયો હતો.

-------------

# CR PAATIL SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે આજે સુરતની સિવિલ હૉસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમણે હૉસ્પિટલના કર્મચારીઓ સહિત દર્દીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી. તેણે મનોદિવ્યાંગ દર્દીઓએ બનાવેલા દિવડા દર્દીઓ, તબીબો અને અન્ય કર્મચારીઓને આપ્યા હતા.

-------------

# MENTOR PROJECT POLICE

રાજ્ય પોલીસે કેફી પદાર્થ અને મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા મૅન્ટર પ્રૉજેક્ટ શરૂ કર્યો છે. આ અંગે માહિતી આપતાં રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી – DGP વિકાસ સહાયે કહ્યું, ગત પાંચ વર્ષમાં આવા ગુનાઓમાં પકડાયેલા આરોપીઓની યાદી બનાવાઈ અને તેને જે-તે જિલ્લા અને શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીને મોકલવામાં આવી છે. સ્થાનિક પોલીસે મૅન્ટર એટલે કે માર્ગદર્શક તરીકે આવા આરોપીઓ પર નજર રાખવી પડશે.

**(BYTE: VIKAS SAHAY, DGP)**

-------------

# AHVA AMDAVAD BUS

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલે આજે ડાંગથી આહવા-અમદાવાદ એક્સપ્રેસ ST બસને લીલીઝંડી આપી. આ પ્રસંગે તેમણે કહ્યું,  આ બસ લોકો અને વિદ્યાર્થીઓ માટે ઘણી ઉપયોગી નીવડશે.

-------------

# JITU VAGHANI BHAVNAGAR

રાજ્યના કેબિનેટ મંત્રીનો પદભાર સંભાળ્યા બાદ કૃષિમંત્રી જીતુ વાઘાણી આજે પહેલી વાર ભાવનગર પહોંચ્યા હતા, જ્યાં તેમના સમર્થકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. માધ્યમોને માહિતી આપતા શ્રી વાઘાણીએ કહ્યું, ખાતર, બિયારણ સહિતની બનાવટી વસ્તુઓ બનાવનારા લોકો સામે કાર્યવાહી કરાશે. જરૂર પડશે તો કડક કાયદો પણ બનાવાશે.

**(BYTE: JITU VAGHANI, AGRICULTURE MINISTER)**

-------------

# BHARUCH PHOOL BAJAR

વસ્તુ અને સેવા કર – GSTના દરમાં ઘટાડા બાદ ભરૂચની ફૂલ બજારોમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. ફૂલના વેપારીઓ જણાવે છે, હાલ બજારમાં ગોટા 80થી 100 રૂપિયા, ગુલાબ 200થી 250 રૂપિયા,

મહારાષ્ટ્રના ફૂલ 600 રૂપિયા સુધી અને લિલિના ફૂલ એક હજાર 200 રૂપિયા પ્રતિકિલોથી વધુના ભાવે વેચાઈ રહ્યા છે. જોકે, ભાવ ઘટાડાના કારણે બજારમાં ફૂલની માગ વધી રહી છે. આ પહેલા નવા વાહનોની ખરીદીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

-------------

# MORBI - RANGOLI

મોરબી મહાનગરપાલિકા તથા અને એક સંસ્થા દ્વારા ઓમશાંતિ વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધા યોજાઇ. તેમાં  સ્પર્ધકોએ મેક ઈન ઈન્ડિયા, વિકસીત  ભારત તથા ઓપરેશન સિંદુરની રંગોળી બનાવી હતી. ભાગ લેનારા દરેક સ્પર્ધકને પ્રોત્સાહીત ઈનામ અને પ્રમાણપત્ર અપાયા.

-------------

# SURAT ST RECORD

સુરત ST બસ વિભાગે બસના એક હજાર 259 વધારાના ફેરા સાથે 2 કરોડ 60 લાખ રૂપિયાની આવક મેળવી છે. મળતી માહિતી મુજબ, મુસાફરોના ધસારાને પહોંચી વળવા સુરત ST બસ વિભાગે અમરેલી, ભાવનગર, મહુવા, દાહોદ, ઝાલોદ, ઉના, સાવરકુંડલા સહિતના જિલ્લા માટે બસના વધારાના ફેરા કર્યાં. તેનો 67 હજારથી વધુ મુસાફરોને લાભ મળ્યો છે.

ST નિગમે મુસાફરોને સમયસર અને સલામત રીતે તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડીને આવકનો પણ નવો વિક્રમ બનાવ્યો છે. વિભાગ દ્વારા આગામી તહેવારોમાં પણ મુસાફરોની માગ મુજબ વધારાની સેવાઓ અપાશે.

-------------